# Day to Day Current Affairs

**12 March-2015**

૧) **૧૨ માર્ચ** : દાંડીયાત્રા દિવસ – વર્ષ ૧૯૩૦માં ૧૨ માર્ચે મહાત્મા ગાંધીના નેતૃત્વમાં નિકળેલી દાંડી સત્યાગ્રહ યાત્રાની આજે ૮૫મી તિથી છે.

૨) **કુમાર સાંગાકારા** : શ્રીલંકન ક્રિકેટર – વર્લ્ડકપ ૨૦૧૫માં સ્કોટલેન્ડ સામે સદી ફટકારીને સાંગાકારા વન ડે ઇતિહાસમાં સળગ ચાર મેચમાં સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો

**13 March-2015**

.૧) **રમણલાલ નિલકંઠ** :ગુજરાતી સાહિત્યના સાક્ષર અને જાણીતા સમાજ સુધારક એવા રમણભાઇ નિલકંઠની આજે ૧૪૮મી જન્મજયંતિ છે.તેઓ ૧૯૧૬ થી ૧૯૨૪ સુધી અમદાવાદ મ્યુનિના પ્રમુખ તરીકે ફરજબધ્ધ રહ્યા હતાં.વર્ષ ૧૯૨૮માં છઠ્ઠી માર્ચે તેઓનું અવસાન થયું હતું.એ પછી ૧૬ જુન ૧૯૩૧ના રોજ સરદાર વલ્લભભાઇ પટેલના હસ્તે અમદાવદ મ્યુનિકચેરીના કંપાઉન્ડમાં એમની પ્રતિમાં મુકાઇ હતી.એમની અનેક સાહિત્ય રચનાઓમાં ' ભદ્રંભદ્ર અને 'રાઇનો પર્વત' ખુબ જાણિતા છે.તેઓ ગુજરાતી સાહિત્ય પરીષદના પ્રમુખ પણ રહી ચુક્યા હતાં.

૨) **રણજી ટ્રોફી** : ક્રિકેટ – **વિજેતા** : કર્ણાટક( આઠમું રણજી ટાઇટલ જીત્યું) **હરીફ** :તામિલનાડું

ફાઇનલ મેચ મુંબઇના વાનખેડેસ્ટેડીયમમાં રમાઇ હતી. કર્ણાટક કેપ્ટન :વિનયકુમાર તામિલનાડું:અભિનવ મુકુંદ

3) **શ્રી નરે મોદી** : ત્રણ દેશોના પ્રવાસ અંતર્ગત હિન્દ મહાસાગરના મહાસાગરના ટાપુ મોરેશિયસના રાષ્ટ્રીયા દિને મોદી મુખ્ય મહેમાન બન્યાં. વડાપ્રધાને ભારતમાં બનેલુ ગત ડિસેમ્બરમાં મોરેશિયસને દરીયાઇ પેટ્રોલીગ માટે સોંપાયેલું જહાજ 'બારૉકુડા' મોરેશિયસના વડાપ્રધાનની હાજરીમાં કાર્યાન્વિત કર્યું હતું. અંદાજે ૬ કરોડ ડોલરના ખર્ચે તૈયાર થયેલુ 'બારૉકુડા' ભારતમાં બનેલા કોઇ યુધ્ધજહાજની નિકાસનો પ્રથમ ઓર્ડર હતો. મોરેશિયસ વડાપ્રધાન : અનિરુ જગન્નાથ.

૪) **દેવાંશુ ગાંધી** : વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝના મેનેજિંગ ડિરેકટર દેવાંશુ ગાંધી વર્ષ ૨૦૧૫-૧૬ માટે સીઆઇઆઇ ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન તરીકે ચૂંટાયા છે. સીઆઇઆઇની ૨૦૧૫-૧૬ ની થીમ : 'મેક ઇન ઇન્ડિયા-મેક ઇન ગુજરાત રહેશે.

૫) **વિમા બિલ સંસદમાં પસાર** : દેશમાં વિમા ક્ષેત્રમાં વિદેશી સીધા રોકાણ (એફ.ડી.આઇ) ની મર્યાદા ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરવાના ખરડાને સંસદની મજુરી મળી ગઇ છે.ડિસેમ્બરમાં સરકારે આ અંગે વટહુકમ બહાર પાડ્યો હતો, જેનું સ્થાન હવે આ ખરડો લેશે.

www.vivekanandacademy.org